# સાહિત્યમાં ભાષા

ડૉ. અર્ચના પટેલ
આસિ. પ્રોફેસર
ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન, ગાંધીનગર

**સાર સંક્ષેપ**
આ શોધપત્રમાં ભાષાને કેન્દ્રમાં રાખીને કૃતિને આસ્વાદવાની વાત કરવામાં આવી છે. કૃતિને આસ્વાદવા માટે પહેલું પગથિયું શબ્દ છે. શબ્દની સમજ કૃતિની સમજ કેવી સઘન બનાવી જાય છે! તેની રજૂઆત આ શોધપત્રમાં કરવામાં આવી છે. આ માટે કેટલીક જાણીતી કૃતિઓના ઉદાહરણ લીધા છે જેમકે વૈષ્ણવજન. શબ્દનો કોશગત અર્થ કાવ્યનો વાચ્યાર્થ સમજાવી કેવી રીતે વ્યંગ્યાર્થ તરફ લઈ જાય છે તેની એક પ્રક્રિયા આ શોધપત્રમાંથી આપ તારવી શકશો.

## ૧. પ્રસ્તાવના
આપણે, આપણે એટલે આપણે જે લોકો ગુજરાતી માધ્યમમાં ભણ્યા તે બધા જ પહેલા ધોરણથી કોઈકને કોઈક રીતે ગુજરાતી કૃતિ ભણતા આવ્યા છીએ. આ કૃતિ વાંચીને આપણે તેનો આનંદ લીધો છે. તેની કેટલીક છાપ આપણા માનસપટ પર ચિરંજીવ થઈ છે કારણ કે સમજે-અણસમજે આપણને તેમાંથી કંઈક મળ્યું છે. જે બ્રહ્માનંદ સહોદર છે. પણ જેમ જેમ આપણી સમજ વિકસતી જાય છે તેમ તેમ તેને આસ્વાદવાની અને આનંદ મેળવવાની પ્રક્રિયા બદલાતી જાય છે, હા, આનંદ તો બહ્માંનાદ સહોદર જ મળે છે. મારો કહેવાનો આશય એ છે કે કોઈ પણ તાર્કિકતા વગર જે કૃતિ આપણેને આનંદ આપી જતી તે તાર્કિકતા સાથે આનંદ આપતી થાય છે. આ પ્રક્રિયા શું છે? કઈ રીતે થાય છે. તે દર્શાવવાની કોશિશ કરી છે. તેનું પહેલું પગથિયું શબ્દના અર્થનું છે. શબ્દની કોશગત અને ભાષક ભોગ્ય સમજ કૃતિને સમજવામાં કેવો આગવો ભાગ ભજવે છે! આ સમજને સાહિત્યમાં પ્રયોજાયેલી ભાષાના પરિપ્રેક્ષમાં અહીં રજૂ કરવામાં આવી છે.

## ૨. ચાવીરૂપ શબ્દો
### *૨.૧ ભાષા*
સાર્થ જોડણીકોશ પ્રમાણે – બોલી, વાણી, જબાન અને ભાષાવિજ્ઞાનના અભિગમ પ્રમાણે અવગમન કરવાનું માધ્યમ

### *૨.૨ સાહિત્ય*
સાર્થ જોડણીકોશ પ્રમાણે – પ્રજાના વિચાર, ભાવના, જ્ઞાન વગેરેની ભાષામાં સંગ્રહાયેલી મૂડી, વાઙમય.

### *૨.૩ શબ્દનો અર્થ*
સાહિત્યમાં પ્રયોજાયેલ શબ્દનો કોશગત અર્થ તેમજ વ્યાવહારિક અર્થ, આ સિવાય સાહિત્યના સંદર્ભે મળતો શબ્દનો આગવો અર્થ

## ૩. હેતુ
શિક્ષક, અધ્યાપક તરીકે કે પછી એક વાચક તરીકે આપણે કોઈ કૃતિ વાંચીએ અને તેની સાથે જ્યારે તેને ઊંડાણપૂર્વક સમજીએ ત્યારે કૃતિ એક નવા જ પરિપ્રેક્ષમાં આપણી સમક્ષ આવે છે. કૃતિને આસ્વાદવામાં શબ્દો અને વાક્યો કે વાક્યરચના મહત્ત્વના બની રહે છે. આ આસ્વાદમાં ભાષાની ખૂબ મોટી ભૂમિકા છે. ભાષાની આવી ભૂમિકા ખાસ કરીને શબ્દ અને વાક્યકક્ષાએ કેવી અસર ઊભી કરે છે તે દર્શાવવાનો ઉદ્દેશ અહીં રાખવામાં આવ્યો છે.

### ૪. સાહિત્યમાં ભાષા

ભાષા શબ્દ સાંભળતા જ આપણા મનમાં કંઈક આવો અર્થ આવે : ભાષા એટલે અવગમન માટે તેનો ઉપયોગ થાય છે એટલે કે કંઈક કહેવા માટે, કંઈક પૂછવા માટે, કંઈક માંગવા, જાણવા .... બીજા શબ્દોમાં કહીએ તો સામાન્ય વ્યક્તિ કહેશે ભાષા એટલે જેના દ્વારા આપણે વાતચીત કરીએ છીએ, વાર્તાઓ કહીએ છીએ, વર્ણનો કરીએ છીએ, ભાષણો કરીએ છીએ, લખાણો લખીએ છીએ, યાદ રાખીએ છીએ, વિચારીએ છીએ વગેરે. આ ભાષા જનસામાન્યની છે માટે આવા જવાબ પણ તેમાં આવશ્યક આવકાર્ય ગણાય જ. પણ ભાષાવિજ્ઞાનના અભ્યાસને આધારે જોઈએ તો આ પ્રશ્નોના જવાબ આપવામાં સંરચનાવાદી ભાષાવિજ્ઞાને ભાષાના ધ્વનિઓ, ધ્વનિ શ્રેણીઓ, રૂપ, શબ્દો, વાક્યો વગેરે પાસાંને કેન્દ્રમાં રાખ્યા છે. ભાષાના આ બધા જુદા જુદા અંગો છે જે ભાષા વિજ્ઞાની જુએ છે. સર્જક ભાષાને જ્યારે સાહિત્યમાં પ્રયોજે છે અથવા તેનાથી પ્રયોજાઈ જાય છે. તે સાહિત્યની ભાષા અને જનસામાન્યની ભાષા કદાચ જુદી લાગે પણ તે વ્યવહારુતાથી અલગ નથી. જે-તે ભાષા સમાજમાં પ્રચલિત ભાષાનો ઉપયોગ કરી સર્જક સર્જન કરે છે. હા, ભાષાના આવા પ્રયોગોનો કદાચ કોશગત અર્થ ભાષામાં પ્રચલિત હોય પણ જો તેને છીણવટથી જોઈએ તો તેના લક્ષ્યાર્થ અને વ્યંગ્યાર્થ જુદા હોવાના. અને તેને આધારે શબ્દોના અર્થ ઉકેલવાની અને તે દ્વારા સાહિત્યને સમજવાની કોશિશ કરી ત્યારે સાહિત્યનો આસ્વાદ કરવામાં અનેરો આનંદ આવે છે. આજ રીતે જ્યારે સર્જકે વાપરેલ ભાષાપ્રયોગો પણ અર્થને નિષ્પન્ન કરવામાં અને કૃતિને આસ્વાદમાં મદદરૂપ થાય છે. આપણે આ બંનેને સમજીએ.

સૌ પ્રથમ શબ્દોના અર્થને આધારે કૃતિના આસ્વાદવાનું ઉદાહરણ જોઈએ તો – પહેલું ઉદાહરણ વૈષ્ણવજનનું આપવા માંગીશ. વૈષ્ણવનો અર્થ સાર્થ જોડણી કોશ પ્રમાણે - વિષ્ણુ સંબંધી, વિષ્ણુની ઉપાસના કરનારું કે વૈષ્ણવ સંપ્રદાયનું – થાય છે. હવે, સાર્થ જોડણીકોશ પ્રમાણે વિષ્ણુનો અર્થ જોઈએ તો – વિભૂતિમાં સૃષ્ટિનું પાલન કરનાર સ્વરૂપ, વિભુ; સર્વવ્યાપી – થાય છે. હવે આ અર્થો પ્રમાણે 'વૈષ્ણવજન તો તેને રે કહીએ' સમજીએ, અહીં એકવાતની ચોખવટ કરી લઉં કે વિષ્ણુનો ભક્ત એવા અર્થની જગ્યાએ કોઈ પણ ઈશ્વરમાં માનનાર કે કોઈ પણ ઈશ્વરનો ભક્ત. ટૂંકમાં આસ્તિક એવો અર્થ સર્વવ્યાપક થયો છે. એવો આસ્તિક માણસ કે વ્યક્તિ જે ઈશ્વર સર્વવ્યાપી છે તેમ માને છે એટલે કે તે સૃષ્ટિના કણે કણમાં વ્યાપ્ત છે. હવે આગળ જોઈએ ' જે પીડ પરાઈ જાણે રે' આ સમજીએ અહીં મહત્ત્વનો શબ્દ છે – પીડ. પીડ એટલે પીડા, દુ:ખ એવો અર્થ થાય પણ જો પીડ અને તેના પરથી બનતું ધાતુરૂપ પીડવું કે જે આ પીડને બરાબર બંધ બેસે છે. હવે પીડવું એટલે શું? તો સાર્થ ગુજરાતી જોડણીકોશ પ્રમાણે દુ:ખ દેવું, (2) પકડવું; ઝાલવું (3) ચાંપાવું; દબાવું. અહીં પકડવું, ઝાલવુ શબ્દાર્થ મહત્ત્વનો બને છે કારણકે અહીં કોઈ એવા વ્યક્તિની વાત થઈ છે કે જે પીડામાં છે એટલે કે કશાકથી પકડાયેલો છે, ઝલાયેલો છે, કશાકમાં દબાયેલો છે. હવે શેમાં પકડાયો છે તો આગળની લીટી પરથી જોઈએ તો ઈશ્વરના વ્યાપક સ્વરૂપને જે કારણે જોઈ નથી શકતો તેમાં પકડાયો છે કે દબાયો છે. હવે આવી વસ્તુ કઈ કે જે વ્યક્તિને આવી રીતે પકડી કે બાંધી રાખે? તો મારા મત પ્રમાણે 'માયા'. હવે કોઈ વ્યક્તિ આવી પીડ કે બંધનમાં પકડાયેલો હોય તેને જે વ્યક્તિ આ માયા, માયાનું બંધન વગેરે સમજી તેમાંથી બહાર નીકળી ગયો હોય તે મદદ કરે તો તેનું અભિમાન તેને થાય? એટલે જ સાચો વૈષ્ણવ 'મન અભિમાન ન આણે રે'

આવી શબ્દના અર્થની સમજનું એક બીજું ઉદાહરણ જોઈએ – 'અખંડ વરને વરી, સાહેલી, હું તો અખંડ વરને વરી.' મીરાં જ્યારે આ કહે છે ત્યારે આપણે એમ કહીએ છીએ કે મીરાં કૃષ્ણને વર માને છે કે તેને પરણી છે. પછી તેના બાળપણમાં રહીદાસે આપેલી મૂર્તિની વાત યાદ કરીએ છીએ, તેની માતાએ જાન નીકળી તે વખતે કૃષ્ણની મૂર્તિને પરણવાનું કહ્યું તે યાદ કરીએ છીએ. આવી દંતકથાઓ તેની સાથે જોડી દઈએ છીએ. તો પછી પ્રશ્ન એ થાય કે મીરાં એમ કેમ કહે છે કે 'મને મારો રામજી ભાવે રે, બીજો મારી નજરે ન આવે રે.' હવે અહીંથી શબ્દના અર્થને સમજવાની વાત શરૂ થાય. અહીં મહત્ત્વનો શબ્દ બને છે – 'વર'. સાર્થ ગુજરાતી જોડણીકોશ પ્રમાણે વર એટલે ઉત્તમ (2) વરરાજા, (3) પતિ, (4) વરદાન... . જો આપણે વર શબ્દનો અર્થ ઉત્તમ લઈએ તો જે ઉત્તમ છે તેને તે વરી છે. વરીનું ધાતુરૂપ થશે વરણી. જેનો અર્થ થશે પસંદ કરવું. હવે જો સમજવાની કોશિશ કરીશું તો સમજાશે કે મીરાં જેને ઉત્તમ અથવા ઉત્તમપુરુષ તરીકે ઓળખાવે છે તે રામ, કૃષ્ણ કે ઈશ્વરનું કોઈ પણ સ્વરૂપ છે અને મીરાં તે ઉત્તમ પ્રુરુષ કે સ્વરૂપને પસંદ

કરે છે. આ ઉત્તમ કે પૂર્ણપુરુષોત્તમને મીરાં વરી છે. જો વરવું શબ્દને જોઈશું તો વરવું એટલે પસંદ કરવું. જનસામાન્યનો અર્થ એટલે પરણવું. પણ પરણવું એટલે માત્ર લગ્ન કરવા નહીં, પરણવું એટલે અતૂટ સંબંધ બંધાવો. હવે સમજીએ તો ખબર પડશે કે મીરાંએ ઉત્તમ પુરુષ કે પૂર્ણપુરુષોત્તમ સાથે અતૂટ સંબંધ બાંધ્યો છે અને એટલે જ કહેવાયું છે કે મંદિર સાથે પરણી મીરાં.

આ ઉપરાંત એક બીજું ઉદાહરણ જોઈએ. મારા ગુરુ ડો. યોગેન્દ્ર વ્યાસ આ ઉદાહરણ ઘણીવાર આપતા. સરસ્વતીચંદ્રમાં બે સ્ત્રી પાત્રો માટે ગોવર્ધનરામ ત્રિપાઠી કહે છે - ..... રંગ સોનેરી ગોરો અને ..... વર્ણ રૂપેરી ગોરો. હવે અહીં રંગ અને વર્ણ વચ્ચેનો ભેદ જોઈએ તો – વર્ણ એટલે રંગ એમ સાર્થ ગુજરાતી જોડણીકોશમાં મળે છે પણ આપણી ભાષક તરીકેની સૂઝ આ બે શબ્દો વચ્ચેનો ભેદ પારખવામાં મદદ કરે છે. ગુજરાતી ભાષક તરીકે આપણે જાણીએ છીએ કે રંગ શબ્દ આપણે પ્રાણી, પક્ષી, કુદરતી પદાર્થ, નિર્જીવ વસ્તુઓ, ટૂંકમાં માણસ સિવાય ઘણા બધા પદાર્થો માટે વપરાય છે પણ માણસ માટે વર્ણ શબ્દ વપરાય છે. હવે જો કૃતિને સમજવાની કોશિશ કરીએ તો જે પાત્રનો રંગ કહ્યો છે તે પાત્ર મનુષ્યની કોટીએ પહોંચ્યું નથી. જ્યારે જે પાત્રનો વર્ણ કહ્યો છે તે મનુષ્યની કોટીએ પહોંચ્યું છે. એની સાથે વપરાયેલો બીજો શબ્દ સોનેરી અને રૂપેરી – સોનેરી આંખને આંજી નાંખે તેવું, આકર્ષે તેવું. જ્યારે રૂપેરી એટલે આંખ ઠરે તેવું. જો આ અર્થ સંજય તો પાત્રને કેટલું સમજી શકાય! આ સાથે કૃતિ પણ કેટલી સરળતાથી સમજી શકાય!

શબ્દોની સાથે વાક્યો અને વાક્યરચના પણ કૃતિને સમજવામાં મદદરૂપ થાય છે. આ માટે કાન્તના ખંડકાવ્યના ઉદાહરણ જોઈએ.

નહીં નાથ ! નહીં નાથ ! ન જાણો કે સ્હવાર છે !
આ બધું ઘોર અંધારું હજી તો બહુ વાર છે!

અહીં ઘોર અંધારું માત્ર પ્રકૃતિમાં જ નહીં પાંડુની અંદર પણ છે. એટલે કે હજુ પાંડુ પૂર્ણ પણે તપસ્વી થયો નથી. જે આગળ કવિ કહે છે ‘છે અંધકાર, પણ ભૂલ જરા ન ખાય.’ કવિ પાંડુની સ્થિતિ દર્શાવતા કવિ કહે છે કે હજુ અંધકાર છે અને સાવચેતીથી રહે છે કે જેથી ભૂલ ન થાય. પછી આગળ કહે છે ‘ઘણા દિવસનું પેલું યોગાંધત્વ ગયું હતું.’ આ પંક્તિ આગળ કહી છે એટલે કે પાંડુનું યોગત્વ ડગમગ્યું છે, તેનાથી તે સજાગ છે એટલે જ ચૂક ન થાય તેની વાત કરે છે, પણ થાય છે. આગળ બીજું પણ કહે છે ‘ ડગ્યું પાછું ધૈર્ય, સ્મરણમહીં આવી પ્રિય સખી.’ સાવચેતી રાખી, સભાન રહેવાની કોશિશ કરી, તેમ છતાં યોગત્વ ડગે છે. આ વાક્યો તપાસતા પાંડુની આખી મન:સ્થિતિ સમજી શકીએ છીએ. કૃતિના આવા વાક્યો કે વાક્યરચના કૃતિને નવા પરિપ્રેક્ષમાં મૂકી આપે છે. આ ઉપરાંત અહીં કહેવું હતું કે નકારથી શરૂ થતું કાવ્ય કંઈક અશુભનો ભ્રમ કરાવી જાય છે. અને નકરાત્મકતા કે પછી ટ્રેજેડી સુધી આપણે પહોંચી શકીએ છીએ.
આવી જ રીતે નકારથી શરૂ થતા કાવ્ય જોઈએ જેમાં અશુભ, અમંગલ દેખાય છે.

ઉદગ્રીવ દૃષ્ટિ કરતાં નભ શૂન્ય ભાસે
ઝાંખી દિશા પણ જણાય, અનિષ્ટ પાસે
જામી ગઈ તરત ઘોર, કરાલ રાત
લાગી બધે પ્રસરવા પુર માંહિ વાત.

આવું એક બીજું ઉદાહરણ ચિત્રવિલોપન ખંડકાવ્યનું જોઈએ. સંધ્યા સમયની વાત કરી છે. જો જીવન સાથે સરખાવીએ તો વૃદ્ધાવસ્થાને જીવનસંધ્યા કહેવાય પણ અહીં જીવનની સંધ્યા સૂચિત કરી છે. તેને શુક્રતરકણી કહી છે. આમ તો શુક્રનો તારો ખૂબ તેજસ્વી છે પણ તે અલ્પકાળ માટે આકાશમાં પ્રકાશિત થાય છે. તે સંદર્ભે લેવાયો છે. આ સાથે બીજી નકારાત્મકતા ‘સિંધુમાં ગૂઢ થઈ ગયેલો રવિનાથ’. ગૂઢ રીતે ડૂબેલો, કોઈક રીતે ડૂબતું જીવન દર્શાવાયું છે. આથી વિશેષ વળી કહે છે કે ‘સ્વપ્ને ન જોતી અતિ ગૂઢ ઘેરું,’ અનિષ્ટ થશે તેવો સંકેત આપે છે અને પછી તેને પ્રસ્થાપિત કરવા સકારાત્મક નકાર વાક્ય મૂકી નકારને ઘેરું બનાવે છે.  અહીં પણ અનિષ્ટનો સંકેત મળે છે. આવું એક બીજું કાવ્ય જોઈએ જેમાં પણ એવું અમંગળનું કલ્પન બતાવવામાં આવ્યું છે – ‘સુવર્ણદ્વારિકાનું સાગરનિમજ્જન’ આ કાવ્યમાં પણ કેવી નકારાત્મકતા દેખાય છે!

'શિથિલ રવિકલા ત્યાં સિન્ધુને નીર ડૂબે,
અવનિ ભરી ભરીને શાં તમ:સૈન્ય છૂટે!
આ સાથે હકારાત્મક અસર દર્શાવતી કાવ્યપંક્તિ જોઈએ :
ઊગે છે સુરખી ભરી રવિ મૃદુ હેમંતનો પૂર્વમાં,
ભૂરું છે નભ સ્વચ્છ સ્વચ્છ, દીસતી એકે નથી વાદળી;

અહીં એક હકારાત્મક અભિગમ દેખાય છે. નવા દિવસના ઉલ્લાસની વાત કરી છે અને તેની સાથે પ્રકૃતિની સ્વચ્છ, નિર્મળતા બતાવી છે. આ હકારાત્મકતા એક કડક કે કડવા સત્યને પણ પચાવી જવા સક્ષમ બને છે. જ્યારે વ્યક્તિ સ્વચ્છ છે, નિર્મળ છે ત્યારે તે કોટલો સહજ બની શકે છે તે જોઈ શકાય છે. આ કાવ્યપંક્તિ જોઈએ –

' "રસહીન ધરા થૈ છે, દયાહીન થયો નૃપ;
નહીં તો ના બને આવું" બોલી માતા ફરી રડી.'

ટૂંકમાં કહેવાનો અર્થ એ છે કે વાક્ય રચના અને તેનો ભાવ કૃતિને એક નવો અર્થ આપે છે તો કૃતિનો ભાવ અનુભવી કૃતિ પ્રવેશ કરાવે છે. ભાવકના મનમાં કૃતિ અંગે વરતારા બંધાય છે. આમ, શબ્દોના અર્થ અને વાક્યરચના કે વાક્યનો ભાવ કૃતિને સમજવામાં મદદરૂપ થાય છે.

**સંદર્ભસૂચિ**

૧. નરસિંહનું પદ - ધોરણ ૧૨નું પાઠ્યપુસ્તક
૨. શ્રેષ્ઠ ગુજરાતી ખંડકાવ્ય - સં. ચિનુ મોદી અને સતીશ વ્યાસ
૩. આનંદયાત્રાના સાથીઓ - ડૉ. યોગેન્દ્ર વ્યાસ
૪. ગુજરાતી સાહિત્યની વિશિષ્ટ કૃતિઓ - સં. – ડૉ. અર્ચના પટેલ
૫. સાર્થ ગુજરાતી જોડણીકોશ